જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૧૨/૨૦૨૦ શુક્રવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૦૮૮/૨૦૨૦

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૩/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૮૯૩ | ૧૦ | ૧૦૯૦૩ | ૧૭૦૨૨ | ૧૦ | ૧૭૦૩૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૪૯૮ | ૧૪ | ૪૫૧૨ | ૬૦૧૯ | ૧૪ | ૬૦૩૩ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૬ | ૦ | ૫૬ | ૨૩૪ | ૦ | ૨૩૪ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૭૧૨૨ | ૧૨૬ | ૧૭૨૪૮ | ૧૮૦૭૩ | ૧૨૪ | ૧૮૧૯૭ |
| | કુલ | ૩૨૫૬૯ | ૧૫૦ | ૩૨૭૧૯ | ૪૧૩૪૮ | ૧૪૮ | ૪૧૪૯૬ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૬ | ૧૧,૦૨,૬૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩૨૪ | ૧૩,૨૪,૦૦૦/- |

# <u>પાસા અટકાયતની વિગત</u>

## <u>વટવા પોલીસ સ્ટેશન (૧)</u>

## <u>પ્રોહીબીશન તેમજ મિલ્કતસંબંધી ગુનાઓના ૨(બે) આરોપીઓને પાસા હેઠળ અટકાયત કરતી વટવા પોલીસ</u>

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી એ.એમ.મુનીયા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન શ્રી રાજપાલસિંહ રાણા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓની સુચના આધારે વટવા પો.સ્ટે. તેમજ અન્ય પો.સ્ટે. ખાતે દાખલ થયેલ મિલ્કત સબંધી ગુનાઓ તેમજ પ્રોહીબીશન ગુનાઓમાં <u>૨(બે)</u> આરોપીઓ વિરુદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપતા મે.પો.કમિ.શ્રી નાઓએ પાસા હુકમ કરતા સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસોએ બંન્ને પાસાના આરોપીઓને વટવા પો.સ્ટે. ખાતે લાવી રજુ કરતા આરોપીઓની પાસા અટકાયત કરી નીચે મુજબ પાસા હુકમની બજવણી કરેલ છે.

(૧) શારદાબેન વા/ઓ ભુપતભાઈ દિપાભાઈ જાતે-મકવાણા ઉવ.૪૦ રહે- અંબિકા ટ્યુબના છાપરા સદભાવના ચાર માળિયા પાછળ બ્રીજ નીચે વટવા અમદાવાદ શહેર મુળવતન- પીપળી, તા.-ધંધુકા, જી-અમદાવાદ નાઓ વિરુધ્ધ વટવા પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ (૧) પાર્ટ-સી-૧૧૧૯૧૦૦૩૮૨૦૧૦૧૭/૨૦ ધી ઈપીકો કલમ- ૩૭૯, ૧૧૪ તથા (૨) પાર્ટ-એ-૧૧૧૯૧૦૦૩૮૨૦૧૦૪૩/૨૦ ધી પ્રોહી એક્ટ કલમ- ૬૬(બી), ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબના પ્રોહીબીશનના ગુનાઓને ધ્યાને લઈ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૧૨૪૨/૨૦૨૦ તા.૦૩/૧૨/૨૦૨૦ ના રોજ પાસા હુકમ કરેલ હોય આરોપણ બેનને તા.૦૩/૧૨/૨૦૨૦ ના કલાક ૧૭/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપણ બેનને ખાસ જેલ પાલારા-ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



## <u>વટવા પોલીસ સ્ટેશન</u> (૨)

અરબાજ ઉર્ફે રમજાન સ/ઓ સલીમભાઈ શેખ ઉવ.૧૯ રહે-બ્લોક નં.૩૭/૧૨૦૨, વસંત ગજેન્દ્ર ગડકર નગર ચાર માળિયા, સદભાવના ચોકીની સામે, વટવા, અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધ અમદાવાદ શહેરના અલગ અલગ પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ જેમાં (૧) રાણીપ પોલીસ સ્ટેશન પાર્ટ-એ-૧૧૧૯૧૦૦૨૨૦૦૧૩૦/૨૦૨૦ ધી ઈપીકો કલમ- ૩૯૪, ૩૨૩, ૨૭૯, ૧૧૪, ૧૨૦(બી) તથા જીપી એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબ તેમજ (૨) વટવા પોલીસ સ્ટેશન પાર્ટ-એ-૧૧૧૯૧૦૦૩૮૨૦૧૦૩૦/૨૦ ધી ઈપીકો કલમ- ૩૮૦, ૪૫૭, ૧૧૪ મુજબના મિલ્કતસબંધી ગુનાઓને ધ્યાને લઈ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૧૨૪૪/૨૦૨૦ તા.૦૩/૧૨/૨૦૨૦ ના રોજ પાસા હુકમ કરેલ હોય આરોપીને તા.૦૩/૧૨/૨૦૨૦ ના કલાક ૨૨/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી આરોપીને મધ્યસ્થ જેલ લાજપોર સુરત ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



## નરોડા પોલીસ સ્ટેશન

## પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ"

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ નરોડા પો.સ્ટે.પાર્ટ:સી:નં.૧૧૧૯૧૦૩૫૨૦૨૫૫૧/૨૦૨૦ પ્રોહી એકટ કલમ: ૬૬(૧)બી, ૬૫(ઇ), ૯૮(૨) મુજબનો ગુના દાખલ થયેલ જે આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/ ૧૨૪૩/૨૦૨૦ તા-૦૩/૧૨/૨૦૨૦ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૦૩/૧૨/૨૦૨૦ ના કલાક ૧૦/૪૫ વાગે પાસા હુકમની કાયદેસર બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૦૩/૧૨/૨૦૨૦

## આરોપીનુ નામ –

મહમંદઅસરફ અબ્દુલઅજીજ શેખ ઉ.વ.૪૮ રહે, ૪૫ મોહનલાલની જુની ચાલી જૈન દેરાસર પાસ ગોમતીપુર અમદાવાદ શહેર

## કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા અ.લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭



## પીસીબી

**વેજલપુર પોલીસ સ્ટેશન વિસ્તાર માંથી સટ્ટા બેટીંગનો જુગાર રમતા બે ઈસમોને કુલ રૂ.૧૩,૬૫૦/- ની મત્તાના મુદામાલ સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેર “પી.સી.બી.”**

મે. પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારૂ કાર્યવાહી કરવા સુચના કરતા જે આધારે પીસીબી ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેક્ટર શ્રી એ.ડી.ચાવડાના માર્ગદર્શન હેઠળ તા.૪/૧૨/૨૦૨૦ ના રોજ સ્ટાફના અહેકો વિજયસિહ હિન્દુજી, અહેકો યોગેન્દ્રસિહ હઠીસિંહ, અહેકો મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહ તથા અહેકો શૈલેષ દેવાભાઈ તથા અન્ય સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો મયુરધ્વજસિંહ રાજેન્દ્રસિંહ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે વેજલપુર રોનકપાર્ક સોસાયટી ઈમરાન ફ્લેટની પાછળના ભાગે જાહેર રોડ ઉપરથી આરોપીઓ ઈરફાન અલ્લારખા ઘાંચી રહે.૭૦ રોનક પાર્ક સોસાયટી વેજલપુર અમદાવાદ તથા અમીન દાઉદભાઈ મેમણ રહે.ડી/૫૮ સંકલીતનગર વેજલપુર અમદાવાદ નાઓને બોમ્બે વરલી મટકાનો સટ્ટા બેટીગનો આંક ફરકનો નાંણાની હારજીતનો જુગાર રમી રમાડતા રોકડા રૂ.૧૦,૬૫૦/- તથા મોબાઇલ ફોન નંગ-૩ કિંમત રૂ.૩૦૦૦/- તથા જુગારના સાધનો મળી કુલ કિંમત રૂ.૧૩,૬૫૦/- ની મત્તાના મુદામાલ સાથે પકડી પાડી તેમજ અન્ય એક આરોપીને વોન્ટેડ બતાવી તેઓની વિરુધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરી વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ‘બી’ પાર્ટ ગુ.ર.ન. ૧૧૧૯૧૦૨૮૨૦૧૯૬૬/૨૦૨૦ જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

**પકડાયેલ આરોપીઓ :**

**(૧) ઈરફાન અલ્લારખા ઘાંચી રહે.૭૦ રોનક પાર્ક સોસાયટી વેજલપુર અમદાવાદ**

**(૨) અમીન દાઉદભાઈ મેમણ રહે.ડી/૫૮ સંકલીતનગર વેજલપુર અમદાવાદ**

**વોન્ટેડ:**

**(૧) જાકિર ઉર્ફે ભજીયો અબ્દુલસુલેમાન મલેક રહે.સંકલીતનગર ઈમરાન ફ્લેટ પાસે વેજલપુર**

**ગુનાની જગ્યા** : **રોનકપાર્ક સોસાયટી ઈમરાન ફ્લેટની પાછળના ભાગે જાહેર રોડ ઉપરથી**

**પકડાયેલ મુદામાલ :**

**રોકડા રૂ.૧૦,૬૫૦/- તથા સટ્ટા બેટીંગના આંક લખેલ પુંઠાના કાગળ નંગ-૩ રૂ.00/-, બોલપેન નંગ-૨ કિંમત રૂ.00/-, પેડ નંગ-૧ કિંમત રૂ.00/-, મોબાઇલ ફોન નંગ-૩ કિંમત રૂ.૩૦૦૦/- મળી કુલ કિંમત રૂ.૧૩,૬૫૦/- મત્તાનો મુદામાલ**



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૮૯/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૨૬૯ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૭ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૬,૫૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૦/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૧/૨૦૨૦**

**વસ્ત્રાપુરઃ** બીપીનકુમાર ભીખાભાઇ પટેલ (રહે. નીસાન્ત પ્રાઇડ હોમ ટાઇન-૫ સામે બલોલનગર ન્યુ રાણીપ) એ તા.03/૧૨/૨૦૨૦ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૯/૨૦૨૦ થી તા.03/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૪૫ વાગ્યા દરમ્યાન આરોપી (૧) શિતલકુમાર રણજીતભાઇ ચૌધરી (રહે.પટેલ ફળિયુ, ગામ-કાકડવા તા.ડોલવણ જી.તાપી) (૨) સરાફતહુસેન ઉર્ફે મંગા ઉર્ફે સરફરાજ ગુલામઅબ્બાસ બુખારી (રહે.માલીવાડા કુત્બેઆલમ દરગાહ પાછળ વટવા) અને (3) ભાણીયા ઉર્ફે રાજુ ધરમસિગ મીણા (રહે.ઉજાલા સર્કલ પાસે હુંડાઇ શો રુમ પાસે ટ્રાંસપોર્ટ નગર ટ્રાંસપોર્ટ્ના ગોડાઉનમાં સરખેજ) તથા ગાડી નંબર જીજે ૧૨ બીડબલ્યુ ૨૧૯૦ ના ચાલક (જેના નામ સરનામાની ખબર નથી તે) એ ભેગા મળી બીપીનકુમારની “PSP PROJECTS LTD.” કંપનીની બાંધકામની સાઇડ (પુનિશ્કા હાઉસ, અશોક વાટિકાની પાછળ, સ્વાતિ રેસ્ટોરંટની બાજુમા, સિંધુભવ રોડ) ખાતે “VIKASH STEEL SUPPLIER” કંપનીમાથી આવેલ 8MM 10MM 12MM તથા 16MM એમ અલગ-અલગ માપના કુલ ૨૭ થી ૩૦ ટન વજનના સળિયા કિમત રૂપિયા ૧૨,૦૦,૦૦૦/- સળિયા સ્ટોર કિપર શીતલ ચૌધરીએ બીપીનભાઇની કંપનીની સાઇટ પર સાળીયા ભરેલ ગાડી નંબર જીજે ૧૨ બીડબલ્યુ ૨૧૯૦, માલ સાઇટ પર એન્ટ્રી કરી તરત એક્ઝીટ કરાવી તે માલ બારોબાર વેચી નાખી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.આર.ખત્રી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૨/૨૦૨૦**

**દાણીલીમડાઃ** મનિષકુમાર ઓમપ્રકાશ ચૌધરી (રહે. સૂર-૩ એપાર્ટ્મેન્ટ બહુચરમાતાના મંદીર સામે ભુલાભાઇ ત્રણ રસ્તા પાસે બહેરામપુરા) એ તા.03/૧૨/૨૦૨૦ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૧/૨૦૨૦ કલાક ૧૨/30 થી તા.0૨/૧૨/૨૦૨૦ રાતના ૮/30 વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીમાંથી સોનાનો હાર કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/-, સોનાની વાળી નંગ-૨ કિમત રૂપિયા ૧૨,૫૦૦/- અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,3૨,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.પી.ગરાસીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦૯૩/૨૦૨૦**

**નારણપુરાઃ** હરિપ્રસાદ પુરષોત્તમ પટેલ (ઉ.વ.૭૫) (રહે.નંદિતા એપાર્ટમેન્ટ ડી.કે.પટેલ હોલ પાસે નારણપુરા) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૨/૨૦૨૦ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને નવા વાડજ સ્પંદન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૨/૧૨/૨૦૨૦ રાતના ૧૦/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારણપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજવિરસિહ વિનોદસિહ ચલાવે છે.

**સરખેજઃ** સંજયભાઇ મનસુખભાઇ પટેલ (ઉ.વ.૩૦)(રહે.રોયલ કોમ્પલેક્ષ ઉપર સરખેજ) એ અગમ્ય કારણસર તા.૦૩/૧૨/૨૦૨૦ સવારના ૧૧/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

**બાપુનગરઃ** સુરેન્દ્ર વસંત સહાની (ઉ.વ ૩૩) (રહે. ઇન્દીરા ગરીબનગરના છાપરાં લાલબહાદુર શાસ્ત્રી સ્ટેડીયમ પાસે બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૩/૧૨/૨૦૨૦ બપોરના ૧/૩૦ વાગ્યા પહેલા લાલબહાદુર શાસ્ત્રી સ્ટેડીયમ મુખ્ય દરવાજા સામે તળાવમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હાર્દિકકુમાર દુર્ગાશંકર ચલાવે છે.

**રિવરફ્રંટ ઈસ્ટઃ** સાગર રાજેશભાઇ પટણી (ઉ.વ.૧૯) (રહે. વાઘેશ્વરી સોસાયટી રામેશ્વર મહાદેવ સામે મેઘાણીનગર) તા.૧૧/૧૧/૨૦૨૦ ના રોજ પોતાના ઘરેથી કોઈને કાંઈ કહ્યા વગર નિકળી ગયા હતા. જેઓની લાશ તા.૦૩/૧૨/૨૦૨૦ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા રિવરફ્રન્ટ વોક-વે ઘાટ નંબર-૭ નજીકથી મળી આવી હતી. જેઓએ અગમ્ય કારણસર નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કૃષ્ણસિહ બહાદુરસિહ ચલાવે છે.

**રામોલઃ** માહતાબ અહેમદ સજાઉદ્દીન શેખ (ઉ.વ.૨૪) (રહે.ફૈસલપાર્ક ગેસ ગોડાઉનની બાજુમા રામોલ) એ અગમ્ય કારણસર તા.૦૩/૧૨/૨૦૨૦ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલપોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ. વિદ્યાબહેન મુળાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી